મૃત વ્યકતિની જાગીર તેના વારસદારને સોંપવા

ડી બી ઓ ડી. બી સી.નં. 55 /09.07.007/2001-02

01 જાન્યુઆરી, 2002

તમામ કોર્શિયલ બેંકસ
(આર આર બી સિવાય)

સાહેબશ્રી,

<u>મૃત વ્યકિતની જાગીર તેના વારસદારો / હોદ્દેદારોને સોંપવા બાબત</u>

અમારા માર્ચ 14, 2000 ના પરિપત્ર ડી બી ઓ ડી. બી સી.નં.148/09.07.007/1999-2000 સંદર્ભે બેંકોને જણાવવામાં આવે છે કે જો મૃતક વ્યકિતની થાપણ રૂ. 25000/- થી ઓછી હોય તો તે વ્યક્તિના કાયદાકીય વારસદારો પાસેથી બેંકે સકશેશન સર્ટિફીકેટનો આગ્રહ ન રાખવો. અમારા 6, ડિસેમ્બર 2000 ના પરિપત્ર ડી બી ઓ ડી. બી સી.નં..56/09.07.07/2000-01 પ્રમાણે અમુક સૂચનો કરવામા આવ્યા છે કે જેમા બેંકે કયા સંજોગોમા સકસેશન સર્ટિફીકેટની માંગણી કરવી તે જણાવવામા આવેલ છે. તે નિચે મુજબ છે.

- જો આ જાગીર અંગે વાંધો હોય અને બધાજ વારસદારો માંગણીના ન જણાય અથવા
- જો બેંકને કાયદાકીય વારસદાર ઉપર તેના વારસદાર તરીકેના દાવા પર શંકા હોય તો.

2. અમુક બેંકોએ અમને વિનંતી કરેલ કે આ નિયમ મૃતકની અન્ય અસ્કયામતો કે જે બેંકની એક કસ્ટડીમાં મુકેલ છે તેના ઉપર પણ લાગુ કરવી.

3. અમોએ બેંકની આ માંગણીની ચકાસણી (આઈ બી એ) સાથે કરી ને કરેલ છે. તથા અમો જાહેર કરીએ છે કે અમારા તા. 6, ડિસેમ્બર 2000 ના પરિપત્ર અનુસાર બેંકોએ મૃતકની જાગીર તથા અન્ય અસ્કયામતો વારસદારને સોંપવા માટે ચકાસણીની જરૂર હોય તેવા કિસ્સાઓ સિવાય, કાયદાકીય પુરાવાઓ માટે આગ્રહ નરાખવો.

4. કૃપા કરી આ પત્ર મળ્યાની જાણ કરશો.

આપનો વિશ્વાસુ,

(કે. એન. રૂપાણી)
ઉપ મહા પ્રબંધક